રજુ તારીખ :
દાખલ તારીખ :
ફેંસલ તારીખ :
અવધિ : વર્ષ માસ દિવસ.

**મહેરબાન અમદાવાદ (રુરલ)ના ચીફ જયુડી.મેજી. સાહેબની કોર્ટમાં**

**ફોજ. કેસ નં. ૧૦૭૪૦/૧૮**

આંક–

ફરીયાદી : સ ર કા ર શ્રી.

વિ રૂ ધ્ધ.

આરોપી : હસમુખભચાઈ પંચાલ વત્તા ૫

ફરીયાદી તર્ફે વિ. વ . શ્રી એ . પી. પી. અને આરોપી તરફે વિ. વ . શ્રી.

**ગુનો** : જુગાર ધારા કલમ ૧૨ **મુજબ.**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, :–

આરોપીએ ચાર્જશીટમાં બતાવેલ જે તે વખતે જાહેર જગ્યામાં જુગાર રમી જુગાર ધારા કલમ ૧૨ મુજબનો ગુનો કરેલ છે.

૨. ઉપરોકત ફરીયાદના કામે તપાસ મળતા ત.ક.અમલદારશ્રીએ તપાસ કરતા તેમજ સાહેદોના નિવેદનો નોંધતા અને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, અને તપાસ દરમ્યાન આ કામના આરોપી વિરૂધ્ધ ગુનો બનતો હોય આરોપીની અટક કરી પુછપરછ કરી આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાઓ મળી આવતા આરોપીની ઘરપકડ કરી આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.

૩. ત.ક.અમલદાર ધ્વારા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ થતાં આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને સી.આર.પી.સી.ની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીની આંક–......... થી પ્લી લેતાં આરોપીએ તેમની સમક્ષનો ગુનો કબુલ કરેલ છે.

૪. આ કામના આરોપીએ આજરોજ ગુના કબુલાત પુરશીષ આંક–_________થી આપેલ છે. જેમાં આ કામના આરોપીએ ગુના કબુલાત પુરશીષ આપી જણાવેલ છે કે, તેઓને સ્વેચ્છાએ ગુનો કબુલ કરીએ છીએ, યોગ્ય દંડ કરી ગુનામાંથી મુકત કરવા જણાવેલ છે.

૫. આરોપીએ રજુ કરેલ કબુલાત પુરશીષ, આરોપીની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:આ ખ રી હું ક મ:–**

આ કામના દરેક આરોપી ને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે જુગાર ધારા કલમ ૧૨ મુજબના ગુનામાં આરોપીને તકસીરવાન ઠરાવી દરેકને રૂા.૧૦૦/– અંકે રૂપિયા **એકસો** પુરાનો દંડ જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. રોકડ મુદ્દામાલ સરકાર ખાલસા કરવો બાકીના મુદ્દામાલનો નાશ કરવો.

ઉપરોકત ચુકાદો આજ રોજ તા. **૦૮ ડીસેમ્બર ૨૦૧૮** ના રોજ વાંચી જાહેર કર્યો.

તા. ૦૮ –૧૨–૨ ૦૧૮
સ્થળઃ– મીરજાપુર,અમદાવાદ

**ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,**
**અમદાવાદ (રુરલ) મીરજાપુર.**